આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૫૬ | ૮ માર્ચ, ૨૦૧૩, શુક્રવાર; મહા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આવતીકાલ ચોક્કસ સારી ઉગશે એવી આશા રાખવી એ જ સુખી થવાનો ઉત્તમ અને સરળ માર્ગ છે
- કિકન્સ

ધો-૧૦-૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને વસુબેન ત્રિવેદીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી : મોંઘવારીનું વિષચક્ર અને પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાન નિબંધ પુછાયો

ગાંધીનગર, તા.૭

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આજથી શાંતિપૂર્ણ રીતે પ્રારંભ થઈ ગયો છે. પ્રથમ ગુજરાતીનું પ્રશ્નપત્ર સરળ નીકળતા વિદ્યાર્થીઓ 'ગુડ બીગ્નીંગ ઈઝ હાફ ડન' જેવી લાગણી અનુભવી રહ્યા છે. ગુજરાતીની પરીક્ષામાં ૩૨૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જયારે જિલ્લામાંથી ૨૨૩૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. સે-૭ ચૌધરી વિદ્યાલયમાં રાજયના શિક્ષણમંત્રીએ ઉપસ્થિત રહી પરીક્ષા ખંડમાં પ્રવેશતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. ગુજરાતીના પ્રશ્નપત્રમાં 'મોંઘવારીનું વિષચક્ર' તેમજ 'પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાન' અંગેનો નિબંધ પુછાયો હતો.

છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં છવાયેલી ઉત્તેજનાના અંતે આજે બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પ્રારંભથી શહેરની શાળાઓ આસપાસ વિદ્યાર્થીઓ અને વાલીઓની ભીડ જામેલી જોવા મળી હતી. પરીક્ષાના પ્રારંભે સે-૭ સ્થિતિ ચૌધરી વિદ્યાલયમાં રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જિલ્લા શિક્ષણાધિકારી વિનયગીરી ગોંસાઈ તેમજ અખિલ આંજણા કેળવણી મંડળના અગ્રણી હરીભાઈ ચૌધરીએ

● અનુસંધાન પાન-૭ પર

ધો-૧૦માં ૩૨૭ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા, ધો-૧૨માં પણ ૫૪ની હાજરી ઘટી

બપોરે પિતા ગુમાવનાર શૈલેષે કઠણ કાળજે પરીક્ષા આપી

પરીક્ષા પૂર્ણ થયા બાદ પિતાના દેહના અંતિમ સંસ્કાર કર્યા

ગાંધીનગર, તા. ૭

બોર્ડની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે ત્યારે પરીક્ષાના પ્રારંભે સમાજજીવનમાં કરૂણા ઉતરાઈ આવે તેવી એક ઘટના પ્રકાશમાં આવી છે. બોર્ડ પરીક્ષાની ગણતરીની મિનિટો પૂર્વે પિતા ગુમાવી દેનાર ધો. ૧૨ના એક વિદ્યાર્થીએ પોતાના પિતાની અંતિમ ઈચ્છાને લક્ષ્યમાં રાખી આજે કઠણ કાળજે પરીક્ષા આપી હતી. જ્યારે આ આકરી પુરવાર થયેલી કસોટીના અંતે પિતાના મૃતદેહના અંતિમ સંસ્કાર કર્યા હતા !!

બોર્ડ પરીક્ષાના પ્રારંભે પ્રકાશમાં આવેલ આ હૃદયદ્રાવક ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ સરગાસણમાં રહેતા અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા શૈલેષ રમેશભાઈ વાઘેલા આજે સવારે પોતાના ઘરે

● અનુસંધાન પાન-૭ પર

પરીક્ષાર્થીઓ માટે તમામ સગવડનો ખ્યાલ રખાયો છે : શિક્ષણમંત્રી

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવા રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે

રાજયમાં ૧૫ લાખ વિદ્યાર્થીઓ આજે બોર્ડની પરીક્ષા આપવાના છે. ત્યારે પરીક્ષાર્થીઓને તમામ પ્રકારની નાની-મોટી સગવડો પૂરી પાડવા ઉપરાંત વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને ભયમુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે તેમણે સમગ્ર વિભાગ વતી પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

ઈમરજન્સી મેડીકલ સેવા માટે પણ વ્યવસ્થા : જિલ્લા શિક્ષણાધિકારી

બોર્ડ પરીક્ષા વેળાએ વિદ્યાર્થીઓ તણાવ ન અનુભવે તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ પૂરતી કાળજી કરવામાં આવી હોવાનું જિલ્લા શિક્ષણાધિકારી વિનયગીરી ગોસાઈએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પરીક્ષાર્થીઓની મુંઝવણ દૂર કરવા માટે શિક્ષકોની હેલ્પલાઈન તેમજ નિઃશુલ્ક મનોચિકીત્સકની સારવાર ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની આરોગ્ય લક્ષી તકલીફ ઉભી થાય તેવા સંજોગોમાં કન્ટ્રોલરૂમ મારફતે તાત્કાલિક તબીબી સેવા ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રમુખસ્વામી મહારાજે નિવૃત્તિ જાહેર કરી

હવે, મહંતસ્વામી સંસ્થાના વડા તરીકે જવાબદારી બજાવશે

ગાંધીનગર, તા.૭

૧૮મી સદીમાં સ્વામિનારાયણ સંપ્રદાયની ભારતમાં સ્થાપના કરવામાં આવી હતી. જીવનમાં ભગવાનને આધ્યાત્મિક રીતે ભજવાનો સરળ માર્ગ ભગવાન સ્વામિનારાયણે આપ્યો હતો. આ માટે તેમણે 'સત્સંગ' શબ્દ પ્રયોજયો હતો. 'સત્સંગ' શબ્દનો સંસ્કૃત ભાષામાં અર્થ 'સત્' એટલે સત્ય અને 'સંગ' એટલે નાતો બાંધવો એવો થાય છે.

અ ા જે સમગ્ર વિશ્વમાં લોકોને સાચા માર્ગે લઈ જવા અને શાંતિનો અનુભવ કરાવવા 'સત્સંગ' ખૂબ જ મોટો ભાગ ભજવી રહ્યું છે. 'સત્સંગ' સાથે સમગ્ર વિશ્વને એક તાંતણે બાંધનાર બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાનના બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે પોતાના તમામ સત્સંગીઓને સંબોધી એક પત્ર લખ્યો છે જેમાં તેમણે લખ્યું છે કે, 'આપ બધા જાણો છો કે કેટલાક વખતથી મારું સ્વાસ્થ્ય સારું રહેતું નથી એટલે દરેકને રૂબરૂ મળી શકાતું નથી એટલે હવેથી તમામ ત્યાગી તથા સત્સંગીઓએ પોતાના તમામ પ્રકારના પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા માટે પૂજય મહંત સ્વામીને મળવું અને સમાધાન મેળવવું.... રાજી રહેશો...'

અત્રે ઉલ્લેખનીય છે કે બીએપીએસ સંસ્થાનના આજે સમગ્ર વિશ્વમાં અનેક જગ્યાએ મંદિરો આવેલા છે. આ મંદિર થકી સમાજમાં બાળકોથી લઈ તમામ વર્ગને ઉપયોગી થાય તેવી ઉમદા પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તે ઉપરાંત મેડિકલક્ષેત્રે અને શૈક્ષણિક ક્ષેત્રે પણ આ સંસ્થાન ઉમદા સેવા આપી રહ્યું છે. ગાંધીનગરને વિશ્વભરમાં બીએપીએસ સંસ્થા થકી વર્ષ ૧૯૯૨માં નિર્માણ પામનાર 'અક્ષરધામ' મંદિરે વિશ્વભરમાં ખૂબ જ મોટી ઓળખ આપી છે.

કોલવડામાં આયુર્વેદ કોલેજના નિર્માણની કામગીરી અંતિમ તબક્કામાં

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક કોલવડા ખાતે આકાર પામી રહેલ મોડેલ આયુર્વેદ કોલેજના નિર્માણની કામગીરી તેના અંતિમ તબક્કામાં છે તેવો સંકેત રાજયમંત્રી શ્રી પરબતભાઈ પટેલે આપ્યો છે.

આજે રાજય વિધાનસભા ગૃહમાં ભાજપના શ્રી શંભુજી ઠાકોર, શ્રી અશોક પટેલ અને શ્રી જીતેન્દ્ર સુખડિયાએ આ કોલેજના બાંધકામ પાછળ થયેલ ખર્ચ અંગેની વિગતો વિશે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજયમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૨ની સ્થિતિએ આ કોલેજના મકાનના બાંધકામની કામગીરી ૮૫ ટકા જેટલી પૂર્ણ થઈ ગઈ છે અને તે હવે તેના અંતિમ તબક્કામાં છે.

રાજયમંત્રીશ્રીએ જણાવ્યું છે કે, છેલ્લા બે વર્ષમાં આ મકાન નિર્માણ પાછળ રૂ. ૭૬.૦૨ કરોડનો ખર્ચ રાજય સરકારે કર્યો છે. આ નિર્માણકાર્ય બને તેટલુ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

દરમ્યાન આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે વર્ષ-૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં આ અંગે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. આ કોલેજમાં ૨૦૧૩-૧૪માં શૈક્ષણિક કાર્યવાહી હાથ ધરી શકાય તે રીતે કામગીરી હાલ આગળ વધી રહી છે.

આ કોલેજના નિર્માણકાર્ય માટે પુરતી નાણાંકીય જોગવાઈઓ કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં અહિ આયુર્વેદ હોસ્પિટલ કાર્યરત કરી દેવામાં આવશે.

૧૩મા નાણાંપંચની ભલામણને કારણે કેન્દ્ર ઓછા નાણાં ફાળવી રહી છે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત પર કેન્દ્ર સરકાર દ્વારા અન્યાયી વલણો દાખવવામાં આવતા હોવા છતાંય રાજયની વિકાસકૂચ ઝડપથી આગળ વધી રહી હોવાનો દાવો વિધાનસભાગૃહમાં નાણાંમંત્રી શ્રી નીતિન પટેલે કર્યો છે.

તેમણે જણાવ્યું છે કે રાજયને ૧૨મા નાણાંપંચની ભલામણ કરતાંય ઓછા નાણાં ફાળવવાની ભલામણ ૧૩મા નાણાંપંચે કરી છે છતાંય ધીમી અને મક્કમ ગતિએ રાજય વિકાસકૂચ આગળ ધપાવી રહેલ છે.

તેમણે જણાવ્યું હતું કે રાજયએ કૃષિ, શિક્ષણ, આરોગ્ય સહિત સર્વાંગી બાબતોમાં નોંધનીય વિકાસ સાધ્યો છે. દેશના નાગરિકની માથાદીઠ આવક કરતાં ગુજરાતના નાગરિકોની માથાદીઠ આવક વધારે છે. આ સરેરાશ આવકમાં રૂ. ૩૦ હજારનો તફાવત છે એ જ બતાવે છે કે ગુજરાતનો વિકાસ થઈ રહ્યો છે.

અંદાજપત્ર પરની ચર્ચા દરમ્યાન ૪૮ જેટલા ધારાસભ્યોએ ભાગ લીધો છે તેમાં કરેલા સૂચનોને પણ નાણાંમંત્રીશ્રીએ આવકાર્યા હતા પરંતુ વિપક્ષે માત્ર ને માત્ર ટીકાઓ કરી તે અંગે તેમણે દુઃખ વ્યક્ત કર્યું હતું.

રાજય વિધાનસભાગૃહમાં આજે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો પ્રત્યુત્તર આપતાં નાણાંમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે તેમનુ આ અંદાજપત્ર રાજયના સર્વાંગી વિકાસને વેગ આપનારૂ છે.

● અનુસંધાન પાન-૭ પર

ફ્લેટ વેચવાનો છે
સે.૨૩, લગ્નવાડી સામે, કડી સ્કૂલની નજીક, ગ્રાઉન્ડ ફ્લોરનો ફ્લેટ વેચવાનો છે.
મો. : ૯૮૯૮૦ ૩૦૬૫૨